# સુરત મહાનગરપાલિકા

## ટાઉન પ્લાનીંગ સ્કીમ
## સુરત નં. ૧૪ (રાંદેર-અડાજણ)

# જાહેર સુચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે સુરત મહાનગરપાલિકાએ ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ કલમ-૪૧ (૧) અન્વયે ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૧૪ (રાંદેર-અડાજણ) તૈયાર કરવાનો ઈરાદો નગર નિયોજન અને શહેર સુધારણા સમિતિના તા. ૧૪-૧૦-૮૮ના ઠરાવ નં. ૨૦થી જાહેર કરેલો છે. જે ગુજરાત સરકારશ્રીના તા. ૨૮-૧૦-૮૮નાં એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ, ભાગ-૨ના પાના નં. ૮૧-૮૨ ઉપર પ્રસિદ્ધ થયેલ છે.

આથી સદર યોજનાઓનાં વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનના માલિકો અને હિત/સંબંધ ધરાવતી વ્યકિતઓની ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રુલ્સ, ૧૯૭૯ના નિયમ નંબર-૧૭ હેઠળની જોગવાઈ અનુસાર એક સભા સુરત મહાનગરપાલિકાના 'ગાંધીખંડ'માં નીચે જણાવેલ તારીખ અને સમયે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજુતી આપવામાં આવશે. તેમજ જમીન માલિકો/હિત ધરાવનારી વ્યકિતઓ મારફત આ દરખાસ્તો અંગે જે તે કાંઈસુચનો કે વાંધાઓ રજુ કરવામાં આવે તે પણ ધ્યાને લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હિત ધરાવતી દરેક વ્યકિતઓએ કે જેઓના સરનામાની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે તેઓને વ્યકિતગત નોટીસ આપવામાં આવી છે. છતાં આ જાહેર સુચનાથી મજકુર નગર રચના યોજના નં. ૧૪ (રાંદેર-અડાજણ)માં સમાવેશ થયેલ જમીનોનાં માલિકોને તેમજ હિત ધરાવતી વ્યકિતઓને નીચે જણાવેલ તારીખે અને સમયે સુરત મહાનગરપાલિકાના 'ગાંધીખંડ'માં હાજર રહેવા વિનંતી છે.

તારીખ : ૪-૪-૮૯ને મંગળવારે
સમય : સવારે ૧૦.૦૦ કલાકે

પી. આર. ઓ./૪૭૭
સુરત મહાનગરપાલિકા કચેરી,
સુરત તા. ૨૩-૩-૮૯.

ડાયરેકટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગરપાલિકા